GJSK120012582024

દાખલ તારીખ :- ૧૫-૧૦-૨૦૨૪
રજીસ્ટર તારીખ :-૧૫-૧૦-૨૦૨૪
ફેંસલ તારીખ :- ૦૭-૦૮-૨૦૨૬
અવધિ: ૧-વર્ષ ૯-માસ ૨૩-દિવસ

**મે. જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.તલોદ**

<u>ફોજદારી કેસ નં.૯૮૩/૨૦૨૪</u>

આંક :

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : ભાવેશભાઈ ધનજીભાઈ પટેલ

રહે.ખેરોલ,તા.તલોદ,જી.સાબરકાંઠા.

ગુન્હો : બી.એન.એસ.ની કલમ-૨૮૧,૧૨૫ (એ) તથા મોટર વ્હીકલ એકટની કલમ- ૧૭૭,૧૮૪,૧૩૪ મુજબ.

---

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એ.આર. ભાડલીયા
આરોપી તરફે વિ.વ.શ્રી આર.ડી.ઝાલા

---

**<u>-: ઠરાવ :-</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી એ મોજે- મુધાસણા ગામ તરફ આવતા રોડ ઉપર તા.૧૦ /૯/૨૪ ના કલાક-૧૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના કબજાની

અર્ટીકા ગાડી નં.જી.જે.૧ ડબલ્યુ.એમ.૩૨૪૯ ની પૂરઝડપે, બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી આવી ફરીયાદીના મો.સા. નં.જી.જે.૯ ડી.એફ.૨૮૦૨ને સામેથી ટકકર મારતા નીચે પડી જતા ફરીયાદી ને માથાના ભાગે તથા સાહેદ સંજયસિંહને માથાના ભાગે તથા ડાબા હાથે ઓછા વતી ઈજાઓ કરી વાહન સ્થળ ઉપર મુકી નાસી જઈ ગુનો કરી બી.એન.એસ.ની કલમ–૨૮૧,૧૨૫ (એ) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪ મુજબ નો ગુન્હો આ અદાલતની હકુમતમાં કરતા આરોપી વિરુધ્ધ ફરીયાદીએ ફરીયાદ નોંધાવેલ છે. તપાસ કરનાર અમલદારે જરુરી પંચનામાં કરી, સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરુધ્ધના ગુનાની તપાસ કરી હાલનું ચાર્જશીટ દાખલ કરેલું છે.

(૨) આ કામના આરોપીને સમન્સની ધોરણસર બજવણી થઈ જતાં આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં તેઓને બી. એન. એસ. એસ.ની કલમ–૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કરી આરોપીએ આંક–૧૧ ના નિવેદનમાં આક્ષેપિત ગુન્હાનો ઈન્કાર કરેલો છે. ત્યાર બાદ સદર કામ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફે આ કામે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

**<u>:: મૌખિક પુરાવો ::</u>**

(૧) આંક–૧૪ પંચ સાહેદ માલસિંહ વરવુસિંહ રાઠોડની જુબાની

(૨) આંક–૧૬ પંચ સાહેદ જશવંતસિંહ પ્રભાતસિંહ રાઠોડની જુબાની

(૩) આંક–૨૬ સાહેદ સંજયસિંહ લાલસિંહ રાઠોડની જુબાની

(૪) આંક–૨૪ ફરીયાદી પ્રવિણસિંહ જવાનસિંહ રાઠોડની જુબાની

**:: દસ્તાવેજી પુરાવો ::**

(૧) આંક–૧૫ ગુનાવાળી જગ્યાનું પંચનામું

(૨) આંક–૨૫ ફરીયાદ

(૩) આંક–૨૭ થી ૩૧ મેડીકલ સર્ટીફીકેટ

(૪) ત્યાર બાદ એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધ વા લાયક પુરાવો ન હોય એફ.એસ. નોધવામાં આવેલ નથી. ત્યાર બાદ બંને પક્ષકારોની દલીલો સાંભળી.

(૫) કેસના આખરી નિકાલ સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપી એ મોજે– મુધાસણા ગામ તરફ આવતા રોડ ઉપર તા.૧૦/૯/૨૪ ના કલાક–૧૪/૦૦ વાગ્યા ના સુમારે પોતાના કબજાની અર્ટીકા ગાડી નં.જી.જે.૧ ડબલ્યુ.એમ.૩૨૪૯ ની પૂરઝડપે, બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી આવી ફરીયાદીના મો.સા. નં .જી.જે.૯ ડી.એફ.૨૮૦૨ને સામેથી ટકકર મારતા નીચે પડી જતા ફરીયાદીને માથાના ભાગે તથા સાહેદ સં જયસિંહને માથાના ભાગે તથા ડાબા હાથે ઓછા વતી ઈજાઓ કરી વાહન સ્થળ ઉપર મુકી નાસી જઈ ગુનો કરી બી.એન.એસ.ની કલમ–૨૮૧,૧૨૫ (એ) તથા મોટર

વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ નો શિક્ષાપાત્ર ગુન્હો આ અદાલત ની હકુમત માં કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દા અંગના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદ્દાઓના નિર્ણય માટેનાં કારણો નીચે મુજબ છે.

**–: કારણો :–**

(૮) **મુદ્દા નંબર–૧ :–**

(૯) આ કામે આંક–૧૪ થી પંચ સાહેદ માલસિંહ વરવુસિંહ રાઠોડ તથા આંક– ૧૬ થી પંચ સાહેદ જસવંતસિંહ પ્રભાતસિંહ રાઠોડને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદો પોતાની જુબાનીમાં જણાવે છે કે, આશરે અગીયાર મહીના પહેલા પોલીસે તેમને એક તૈયાર પંચનામામા સહી કરાવેલી. તેમાં શું લખેલું તેની તેમને ખબર નથી.તેમને સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી. તેમને આંક–૧૫ વાળું પંચનામું બતાવતાં તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે.

આ પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરતા ના હોઈ તેઓને ફરી ગયેલ જાહેર કરેલા છે. ત્યાર બાદ તેમની ઉલટ તપાસ કરવા એ.પી.પી.શ્રીને પરવાનગી આપવામા આવેલ છે.એ.પી.પી.શ્રી દ્વારા તેમની ઉલટ તપાસ કરતા તેઓ પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી.

આ પંચ સાહેદો પોતાની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, પોલીસે તેઓની તૈયાર લખેલા કાગળમાં સહી કરાવેલી તે કાગળમાં શું લખેલુ તેની તેમને ખબર નથી.

(૧૦) આ કામે આંક–૨૪ થી ફરીયાદી પ્રવિણસિંહ જવાનસિંહ રાઠોડને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ સાહેદ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે,તા.૧૦.૦૩.૨૪ ના રોજ તેઓ તથા સંજયસિંહ મારાભાઈ રાજુસિંહની બાઈક લઈ ખેતરે ગયેલા. ત્યાંથી આશરે બે વાગે પરત આવતા હતા ત્યારે તેમનો કસ્માત એક સફેદ ગાડી સાથે થયેલો અને માણસો ભેગા થઈ ગયેલા. તે સમયે તેમના ગામના નરેશસિંહ ઈકો ગાડી લઈ આવતા તેમને તથા સંજયને તલોદ મારૂતી હોસ્પીટલ ખાતે લઈ ગયેલ અને ત્યાંથી હિંમતનગર ઓર્બીટ સીટી સ્કેનમાં લઈ ગયેલા અને સંજયસિંહને પ્રાઈમ સુપર સ્પેશીયાલીટી હોસ્પીટલ હિંમતનગર ખાતે લઈ ગયેલા. તે વખતે તેમને વધુ સારવારની જરૂર ન હોવાથી તેઓ ઘરે જતા રહેલા. બીજા દિવસે તેમને તેમનો ભાઈ રાજુસિંહ તથા નરેશસિંહ તલોદ પો.સ્ટે લઈ ગયેલા અને એક કાગળ ઉપર તેમની સહી કરાવેલી. આ કાગળમાં શુ લખેલુ હતુ તેની તેમને ખબર નથી. તેમને અસલ ફરીયાદ બતાવતા તેમાં તેમની સહી ઓળખી બતાવે છે. જે આ કામે આંક–૨૫ થી રજુ છે.

આ ફરીયાદી ફરીયાદ હકીકતને સમર્થનકારી હકીકત જણાવતા ન હોય વિદ્વાન એ.પી.પી.શ્રીની વિનંતીથી આ ફરીયાદીને વિમુખ થયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. તેમ છતાં તેઓ સમર્થન કરતા નથી.

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે હાલના બનાવ ખેતરમાંથી રોડ ઉપર ચઢતા બનેલો. તેમને આજદિન સુધી સામેવાળી ગાડીના નંબર કે તેના ચાલકનું નામ ખબર નથી. પડી જવાના કારણે તેઓ અડધો બે ભાન જેવો હતો તેથી તેઓએ તે ગાડીના ચાલકને જોયેલ નહી. તેમને આ કામે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે અને આ કેસ આગળ ચલાવવો નથી.

(૧૧) આ કામે આંક–૨૬ થી સાહેદ સંજયસિંહ લાલસિંહ રાઠોડને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ સાહેદ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે,તા.૧૦.૦૩.૨૪ ના રોજ તેઓ તથા પ્રવિણસિંહ રાજુસિંહની બાઈક લઈ ખેતરે ગયેલા. ત્યાંથી આશરે બે વાગે પરત આવતા હતા ત્યારે તેમનો અકસ્માત એક સફેદ ગાડી સાથે થયેલો અને માણસો ભેગા થઈ ગયેલા. તે સમયે તેમના ગામના નરેશસિંહ ઈકો ગાડી લઈ આવતા તેમને તથા પ્રવિણને તલોદ મારૂતી હોસ્પીટલ ખાતે લઈ ગયેલ અને ત્યાંથી હિં મતનગર ઓર્બીટ સીટી સ્કેનમાં લઈ ગયેલા અને તેમને પ્રાઈ મ સુપર સ્પેશીયાલીટી હોસ્પીટલ હિંમતનગર ખાતે લઈ ગયેલા. આ સિવાય તેમને બીજી કાંઈ ખબર નથી. તેઓ સામે વાળી ગાડીના ચાલક ને જોયે કે નામથી ઓળખતો નથી. પોલીસે તેમને કંઈ પુછેલુ નહી.

આ સાહેદ ફરીયાદ હકીકતને સમર્થનકારી હકીકત જણાવતા ન હોય વિધ્વાન એ.પી.પી.શ્રીની વિનંતીથી આ સાહેદને વિમુખ થયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. તેમ છતાં તેઓ સમર્થન કરતા નથી.

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, હાલના બનાવ ખેતરમાંથી રોડ ઉપર ચઢતા બનેલો. તેમને આજદિન સુધી સામેવાળી ગાડીના નંબર કે તેના ચાલકનુ નામ ખબર નથી. પડી જવાના કારણે તેઓ અડધો બે ભાન જેવો હતો તેથી તે ગાડીના ચાલકને જોયેલ નહી. તેઓને આ કામે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે અને આ કેસ આગળ ચલાવવો નથી.

(૧૨) આ કામે મહત્વના સાહેદ કહી શકાય તેવા ફરીયાદી તથા સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેમને આજદિન સુધી સામેવાળી ગાડીના નંબર કે તેના ચાલકનું નામ ખબર નથી. તેમજ પડી જવાના કારણે તેઓ અડધા બેભાન જેવા હતા તેથી તેઓ એ તે ગાડીના ચાલકને જોયેલ નહી. તેમને આ કામે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે અને આ કેસ આગળ ચલાવવો નથી. જેથી તેઓની જુબાની પરથી બનાવ કેવી રીતે અને કેવા સંજોગો અને કોની બેદરકારીથી બનેલ તે તેઓ જણાવતા નથી. વધુમાં આ કામે પંચ નામાના પંચો પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી.જેથી પંચનામાં પુરવાર થયેલાનું માની શકાય નહી. આથી આમ હાલના બનાવમાં આરોપી ઉપરોકત વાહન પૂરઝડપે, ગફલતભરી, બેદરકારીભરી રીતે ચલાવી હાલનો અકસ્માત કરેલ તેવો કોઈ વિશ્વાસપાત્ર પુરાવો આ કામે રજુ થયેલ નથી. આમ રેકર્ડ ઉપર રજુ ફરીયાદની વિગતને સાહેદોની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતું ન હોય તેવા સંજોગોમાં માત્ર ફરીયાદ ના આધારે હાલના કામના આરોપીને તકસીરવાર ઠરાવી શકાય નહી. તેવું અત્રેની અદાલતનું માનવું છે. તેમજ આ તમામ સાહેદોનો પુરાવો

જેમને તેમ સ્વિકારી લેવામાં આવે તો પણ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબના કોઈ મહત્વના તત્વો ફલીત કરતો પુરાવો આ ઉપરોકત સાહેદો ધ્વારા પોતાની સોગંદ પરના પુરાવામાં જણાવવામાં આવેલ નથી. ત્યારે આ પુરાવા આધારે હાલના આરોપીને બી.એન.એસ.ની કલમ–૨૮૧,૧૨૫ એ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪ મુજબ ના ગુના માટે તકસીરવાન ઠરાવવા માટે કોઈ નકકર પુરાવાઓ આ કામે ફરિયાદી પક્ષે રજુ કરવામાં આવેલ નથી.

(૧૩) આમ, ફરીયાદપક્ષ તરફે અકસ્માતના કેસોમાં મુખ્ય ત્વે નીચે જણાવેલ હકીકતો સાબિત કરવાની હોય છે.

(૧) અકસ્માત સમયે અકસ્માત કરનાર વાહનનો ચાલક આરોપી હતો.

(૨) અકસ્માત સમયે આરોપીએ વાહન પુરઝડપે, ગફલતભરી રીતે અને બેદરકારી પૂર્વક હંકારેલ હોવાના કારણે અકસ્માત થયેલ.

ઉપરોકત તમામ સાહેદોની જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવે તો હાલના બનાવમાં આરોપી ઉપરોકત વાહન ગફલત ભરી, બેદરકારી રીતે, અથવા તો મનુષ્ય જીવન જોખમાય તેવી રીતે ચલાવી હાલનો અકસ્માત કરેલ તેવો કોઈ વિશ્વાસપાત્ર પુરાવો આ કામે રજુ થયેલ નથી. તેમજ આ તમામ સાહેદોનો પુરાવો જેમને તેમ સ્વીકારી લ ેવામાં આવે તો પણ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબના કોઈ મહત્વના તત્વો ફલીત કરતો પુરાવો આ ઉપરોકત સાહેદો ધ્વારા પોતાની સોગંદ પરના પુરાવામાં જણાવવામાં આવેલ નથી. ત્યારે આ

પુરાવા આધારે હાલના આરોપીને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવવા માટે કોઈ નકકર પુરાવાઓ આ કામે ફરીયાદી પક્ષે રજુ કરવામાં આવેલ નથી.

આમ, આ સંજોગોમાં આરોપીના નોંધવામાં આવેલ નિવેદનમાં જણાવ્યા મુજબનો આક્ષેપીત ગુનો કરેલો હોવાનું શંકાથી પર રહીને સાબીત કરવામાં ફરીયાદપક્ષ સફળ રહેલા ન હોય મુદ્દાનં.૧ નો નિર્ણય ''**નકારમાં**'' નિર્ણિત કરી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૮ (૧) અન્વયે બી.એન.એસ.ની કલમ–૨૮૧,૧૨૫ (એ) તથા મોટર વ્હીકલ એકટની કલમ –૧૭૭,૧૮૪,૧૩૪ના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ અગાઉ આપેલ જામીનખત ચાલુ રાખવાની પુરસીસ આપવી અથવા આરોપીએ નવા જામીન રજુ કરવા.

૩. બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ આરોપીના જામીન છ માસ માટે અમલમાં રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૦૭ મી, માહે–ઓગષ્ટ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૭/૦૮/૨૦૨૬

**(એચ.એચ.પટેલ)**
મુ.તલોદ. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. તલોદ.
(જજ કોડ નં.જીજે૦૧૭૨૨)

એસ.સી.પટેલ